॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૩ ઑક્ટોબર-નવેમ્બર - ૧૯૯૨ અંક ૩

## વાલીઓને,

ટેલીફોન અને ઝડપી વાહનવ્યવહારનાં સાધનો આવતાં પત્રવ્યવહાર, વિશેષ કરીને અંગત પત્રવ્યવહાર નહિવત્ થઈ ગયો હોય તેમ લાગે છે.

એવું જ, રેડિયો, ટી. વી. અને ચેનલ આવતાં પુસ્તકવાચનમાં પણ જાણે ઓટ આવી છે. ખાસ કરીને શિષ્ટવાચન કહીએ તેવા વાચન માટે. નવલકથાઓનું વાચન પણ મર્યાદિત બન્યું હોય તેમ લાગે છે. વિદ્યાર્થીઓ માટેનું અનુરૂપ સાહિત્ય પણ ઓછું પ્રાપ્ય છે. ગિજુભાઈ નાનાભાઈ ભટ્ટ કે રમણભાઈ સોની જેવાએ તૈયાર કરેલા સાહિત્યની મૂડી ઉપર જ આજે તો નભીએ છીએ.

અભ્યાસક્રમમાં પણ નિબંધ પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ પરીક્ષામાં ઓછું થવાથી લેખન પ્રવૃત્તિ ઉપર તેની સ્પષ્ટ અસર વર્તાય છે. વસ્તુલક્ષી પ્રશ્નો, જોડકાં, ખાલી જગા પૂરવાના પ્રશ્નોએ ભાષાની સમૃદ્ધિ ઉપર અસર કરી છે. શાળાકીય કક્ષાએ નિબંધ સ્પર્ધાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિ દ્વારા ભાષા વિકાસના કાર્યક્રમોનું શાળામાં ઉપકારક કાર્ય કરવાના અમારા પ્રયત્નો અવશ્ય હોય છે. પણ તેની અસર વિશાળ વર્ગ ઉપર જોઈએ તેટલી થતી નથી તેવું દેખાય છે.

ઈતરવાચનમાં બાળકને રસ પડે તે માટે પુસ્તક મેળાઓ, નવાં બહાર પડતાં સારાં પુસ્તકોની માહિતી, અભ્યાસક્રમમાં આવતા પાઠોના સંદર્ભગ્રંથોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના અમારા પ્રયત્નો હોય છે.

જૂની પેઢીને કદાચ નવી પેઢીનું સાહિત્ય તુલનાત્મક રીતે સંતોષકારક ન લાગતું હોય એ સનાતન સત્યનો સ્વીકાર કરીને પણ એમ લાગે છે કે નવું પર્યાવરણ ઉત્તમ પ્રકારનાં પુસ્તકો તૈયાર કરવા બાધારૂપ બનતું હોય. એમ છતાં તાજેતરમાં બહાર પડેલાં બે પુસ્તકો જોઈને મન હરખાય છે. 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ' એ નામે શ્રી મહાદેવભાઈ દેસાઈનો જીવનચરિત્ર ગ્રંથ જે તેમના જ પુત્ર નારાયણભાઈ દેસાઈએ લખ્યો છે અને બીજો 'Patel'એ નામે સરદાર વલ્લભભાઈનો જીવન ચરિત્ર ગ્રંથ જે ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધીએ લખ્યો છે. બંને ગ્રંથો જીવનચરિત્ર છે, એક જ જમાનામાં સમયની દૃષ્ટિએ આવે છે. બંને ગાંધીજીના પરમ ભક્તો છે, જીવન ચરિત્રો એટલાં રસાળ બન્યા છે કે પુસ્તકો વાંચ્યા પછી છોડવાનું મન થાય તેમ નથી. શ્રી રાજમોહન ગાંધીનું પુસ્તક અંગ્રેજીમાં હોઈ એ મર્યાદામાંથી મુક્ત બની ગુજરાતીમાં ભાષાંતરિત થાય તેવી ઇચ્છા રહે છે. ઇચ્છીએ શ્રી મહાદેવભાઈ જેવા સમર્થ ભાષાંતરકારના હાથે આ પુણ્યકાર્ય થાય.

વિદ્યાર્થીઓ આવા પુસ્તકોને પણ આનંદથી માણે તેવી ઇચ્છા જરૂર રહે છે. આપણા - શાળાના અને ઘરના - સંયુક્ત પ્રયત્નો આ દિશામાં અવશ્ય કરવા જેવા છે.

દિનુભાઈનાં વંદન

## અવિસ્મરણીય નેપાલ

પ્રવાસનું નામ પડે એટલે વિદ્યાર્થીઓનું આંતર-જગત નાનાં ભૂલકાંઓની માફક કાલાં-ઘેલાં કાઢવા માંડે. સમગ્ર ચિત્તતંત્ર પ્રવાસમય બની જાય. આવું જ કંઈક આ વખતેય બન્યું. નેપાલના પ્રવાસના આયોજન સાથે જ વિદ્યાર્થીઓ લાંબા સમયથી વિવિધ કલ્પનોમાં રાચવા માંડયા. અવાર-નવાર થયેલી મિટીંગોમાં એ પ્રતિબિંબિત થતું જોયું.

સામાન્ય જનમાનસમાં નેપાલનો ખ્યાલ તો કાઠમંડુ પૂરતો સીમિત હતો. રવાના થતાં પહેલાં અમારા મનમાં પણ એવું જ કંઈક આછું આછું હતું પણ ગોરખપુર - સનોલીના રસ્તે વહેલી સવારે નેપાલ તરફ આગળ વધતાં, રૂના ઢગલા જેવાં બરફાચ્છાદિત શિખરો દૃષ્ટિગોચર થતાં જ પેલા ખ્યાલો ક્યારે વિસરાઈ ગયા, ખબર જ ન પડી. સૌ ભાવવિભોર બની ગયા. જંગલોમાંથી પસાર થતા વક્રાકાર પર્વતીય રસ્તા પર બસ પોતાની મંથર ગતિએ આગળ વધતી ગઈ અને સૌ પ્રવાસીઓ રમ્ય સ્વપ્નાંઓમાં ખોવાતા ગયા. રાત્રે પોખરા પહોંચ્યા.

પોખરા - એક સુંદર નગર. સ્ફટિક શાં સ્વચ્છ પાણી ધરાવતાં તળાવો, વનરાજિથી આચ્છાદિત ખીણો, ખળખળ વહેતાં ઝરણાં, ગર્જના કરતો ધોધ અને આ દશ્યોથી આહ્લાદિત તરબતર વાતાવરણ આજેય દૃષ્ટિથી ખસતું નથી.

મનને હરી લે તેવું 'ચિતવન', હાથી પરની સવારી, નૌકા સફર, નદીના ઠંડા પાણીનું સ્નાન, ગીચ જંગલનું ભ્રમણ અને તંબુઓનો રજવાડી (ROYAL) રાત્રિવાસ માનસપટ પર એવા અંકિત થયા છે કે ક્યારેય ભૂલાશે નહિ. નવરાશની પળોમાં વાગોળ્યા કરવા માટેની એ એક મોંઘી મિરાત બની ગઈ અમારે માટે તો યુરોપિયનો અને અન્ય પ્રવાસીઓ સાથે માણેલા તાલબદ્ધ નેપાલી નૃત્યો અવિસ્મરણીય બની રહ્યાં.

કાઠમંડુ, પાટણ, ભક્તપુરનાં મંદિરો અને તેની પ્રાચીન જાહોજલાલીની એક ઝલક માણી. રમણીય બજારો ખરીદી માટે આકર્ષણનાં કેન્દ્રો બની રહ્યાં. અન્નપૂર્ણા અને ઓબેરોયનાં કેસિનો બાળકો માટે આનંદ માણવાનાં મહત્ત્વનાં કેન્દ્રો બની રહ્યાં.

આ બધાં કરતાંય સ્મૃતિઓમાં કાયમ જકડાઈ રહે તેવું સ્નેહાળ સખ્ય સાંપડ્યું સૌને. આવો પ્રવાસ ભૂલી શકાય ખરો ?

# લક્ષ્મી તપોવન શિબિર

શહેરમાં વસતાં હરકોઈ માણસનું જીવન યંત્રવત્ બની ગયું છે. તેમાં પણ શાળા મહાશાળાઓની ચાર દિવાલો વચ્ચે અપાતું ઔપચારિક શિક્ષણ બાળકને ભણતર જરૂર આપે છે પણ તેનું ઘડતર તેમાંથી નથી થતું. જીવનનાં સાચાં ઘડતર માટે, તેના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ ચાર દિવાલોનાં એકધાર્યા વાતાવરણમાં થઈ ક્યારેક મુક્ત થઈ કુદરતના ખોળે રમવાનો જો લ્હાવો મળે તો જીવનમાં નવી ચેતના આવે છે. નદીનાં કોતરો ખૂંદવાં, ગ્રામ્યજીવનને નજદીકથી નિહાળવું, લીલાં હરિયાળા ખેતરોમાં વિહરવું અને સાથે સાથે સ્વાશ્રયના પાઠ પણ શિખાય એ હેતુથી તા. ૧૭ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર ૧૯૯૨ સુધી દહેગામ બાયડ રોડ પર મેશ્વો નદીને કિનારે, વેલપુર તાલુકાના પહાડિયા ગામે એક વન્ય પર્યાવરણ શિબિર ભારતીય સંસ્કારધામના સહયોગથી યોજવામાં આવ્યો જેમાં ધો. ૫ થી ૭ના લગભગ ૧૦૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

રોજ સવારે વહેલા ઉઠી પ્રાતઃ પ્રાર્થના, વ્યાયામ, ધ્યાન, આસનો અને સફાઈના કાર્યક્રમથી દિવસની શરૂઆત થતી. ત્યાર પછી ગામડાની મુલાકાત, ખેતરોની શૈક્ષણિક મુલાકાત ને તેની સાથે વનસ્પતિ માનવજીવનની કેવી રીતે રક્ષક અને પોષક છે તેની તથા પર્યાવરણની સમજ વિદ્યાર્થીઓને અપાતી. આકરોતી, વેલપૂરા, પહાડીયા વિ. ગામોની મુલાકાત યોજાઈ. ભોજનમાં ગામડાનું ચોક્ખું દૂધ, ચોક્ખા ઘીની વાનગીઓ, બાજરીના રોટલા ને કઢી પીરસાતાં. માતા મેશ્વોની ગોદમાં ૩૨ એકર જમીનમાં પથરાઈને પડેલાં આ તપોવનમાં પ્રાથમિકથી માંડી ધોરણ ૧૨ સુધીની શાળા, છાત્રાલય સાથે ચાલે છે. ગૌશાળા બનાવી. તેમાંથી જ ગોબર પ્લાન્ટ નાખી તેને આત્મનિર્ભર બનાવાયું છે. ૨૦૦ બાળક એકસાથે જમી શકે તેવું તેનું વિશાળ ભોજનાલય છે. શ્રી સનાતનભાઈ વ્યાસ, પ્રા, દિનેશભાઈ પંચોલી અને તોપવનના નિયામક શ્રી વિનુભાઈ અમીનની છત્રછાયામાં બાળકોને અહીં પોતાના ઘરથી પણ વિશેષ પ્રેમ મળે છે. આ તપોવનનો લહાવો લેવો એ જીવનની એક અનેરી તક છે. જંગલમાં માંગલ્ય પ્રગટાવનાર તપોવનના નિયામક શ્રી વિનુભાઈ અમીન આ માટે ખૂબ ધન્યવાદને પાત્ર છે.

માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે મા;
અને સહુથી સુંદર સાદ કોઈ હોય તો તે સાદ છે 'મારી મા'

**- ખલિલ જિબ્રાન**

## લક્ષ્મી તપોવન શિબિરનાં સંભારણાં

'શ્રી પંચોલી સાહેબે અમને આનંદની સાથે જ્ઞાન આપ્યું. તેઓએ અમને યોગાસનનાં અનેક આસનો શિખવાડયાં, ને સાથે સાથે ત્યાંની વિવિધ વનસ્પતિ વિશેનું અમૂલ્ય જ્ઞાન આપ્યું. થોરનાં દૂધથી કાંટો કાઢવાની કલા તેમણે અમને શિખવાડી. અમને સમજાયું કે શાળાની ચાર દિવાલો વચ્ચે રહીને અપાતું જ્ઞાન સાચી કેળવણીની દૃષ્ટિએ કેટલું બધું અપૂર્ણ છે.

નીરવ શાહ (૭ બ)

લક્ષ્મી તપોવન શિબિરમાંથી પાછાં ફરતાં અમને લાગ્યું કે અમે અહીં આનંદ સાથે સંસ્કારનું ઘડતર પામ્યાં. જો આવા સંસ્કાર શિબિર થતાં રહેશે તો ભારતનાં દરેક બાળકને સંસ્કાર અને પ્રેરણા મળતાં રહેશે.

રીકીન શાહ (૭ અ)

બાલસૂર્યનાં સોનેરી કિરણો ચોમેર પથરાતાં હતાં. એ સોનેરી કિરણો નાનાં-નાનાં પુષ્પોને ચૂમતાં હતાં. મંદ, મંદ પવન વાતો હતો. પંખીઓનો મધુર કલરવ આકાશને ગજવી મૂકતો હતો. સર્વત્ર આહ્લાદક વાતાવરણ ફેલાયેલું હતું. આ હતી લક્ષ્મી તપોવનના વાતાવરણની સુમધુર છટા ! સવારનાં ઊઠતાં જ જાણે મારા અંતરમાં નવચેતના પ્રગટી ઉઠતી, ને કસરત કરવાથી તાઝગી આવતી. નદીકિનારો જોતાં મારા મનમાં તરંગો પણ નાચી ઉઠયા, નદીના પટમાં વિહરવાની મઝા કાંઈ અનેરી જ હતી. વૃક્ષોની ઘટા અને છટાએ મારા મનને મોહી લીધું. અહીં અમારી ઘણી જિજ્ઞાસાઓને પોષણ મળ્યું. ગામડાના ઘરોની સુંદર રચના, વિવિધ વનસ્પતિ વિગેરે જોઈને ખૂબ આનંદ થયો. શિબિરના આયોજકોએ અમારી ખૂબ જ પ્રેમથી સારસંભાળ લીધી, આ શિબિરથી મને 'શ્રમનો મહિમા' સમજાયો.

પાવક રોહિતભાઈ શાહ (૭ બ)

સૂર્યોદય પહેલાં પૂર્વ ક્ષિતિજે સૂર્યના કિરણોની અદ્ભુત રંગાવલીઓ રચાઈ ને જ્યારે સૂર્યનાં કોમળ કિરણો અમને સ્પર્શ્યા ત્યારે અમે હસુ હસુ થઈ રહ્યાં. પ્રાર્થના અને વ્યાયામ કરી શરીર અને મનને પ્રફુલ્લિત બનાવ્યું.

જીવનમાં પહેલી વાર જાતે થાળી સાફ કરી ને ત્યારે ગૌરવથી મારું મન ભરાઈ ગયું.

ચિંતન ગોસલિયા (૭ બ)

શિબિર બાળકોને જ્ઞાન આપે છે, તેમનું સુંદર ઘડતર કરે છે.

અપૂર્વ શાહ (૭ ક)

## સંસ્કૃતિનું સિંચન

"મમ્મી, કાલે અમારે તોરણ સ્પર્ધા છે. મારે ભાગ લેવાનો છે. મને કહેને હું શું કરું ?" પૂજાએ ઉત્સાહથી મમ્મીને પૂછ્યું, પણ કામમાં વ્યસ્ત મમ્મીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું, "એમાં મને શું પૂછે છે ?" તને જે ગમે તે બનાવજે. સ્કૂલમાં બધાં બનાવતાં જ હશે ને !..." ને પૂજા થોડીક નિરાશ પણ થઈ. તેને થયું, "મમ્મીને મારામાં રસ જ નથી...."

અભિનંદન કાર્ડની સ્પર્ધા વખતે પેલી આરતીનાં મમ્મીએ તેને કેવા સરસ ideas આપ્યા હતા ને આરતીએ એ પ્રમાણે કાર્ડ બનાવ્યું તો તેને ઈનામ મળ્યું ને ! પણ મમ્મીને તો ક્યાં કશામાં રસ જ છે ? .... એને તો હંમેશા ધમાલ જ હોય છે... અને પછી તે દિવસે આરતી સ્પર્ધાનું પરિણામ મેં તેને કહ્યું એટલે મારી ભૂલ સમજાવતાં કહ્યું કે આમ કરાતું હશે ? ત્યારે મને પહેલાં કહ્યું હોત, ને સમજ પાડી હોત તો કેટલો ફેર પડી જાત ! મને ઈનામ ન મળે એટલે મમ્મી અકળાય છે ખરી પણ ઈનામ મેળવવા માટે કશું શીખવા જાઉં ત્યારે તેને સમય જ નથી હોતો... હું છું જ કમનસીબને !...."

શાળામાં અનેક પ્રકારની સ્પર્ધાઓ વર્ષ દરમ્યાન યોજવામાં આવે છે જેવી કે અભિનંદન કાર્ડ સ્પર્ધા, આરતી સ્પર્ધા, તોરણ સ્પર્ધા, ગરબા સુશોભન સ્પર્ધા, વિ. પહેલાં ગરબા સ્પર્ધા, નિબંધલેખન સ્પર્ધા, સુગમ સંગીત સ્પર્ધા વિ. યોજાતાં તેમાં છેલ્લા કેટલાક વર્ષોથી આ નવી સ્પર્ધાઓ ઉમેરવામાં આવી છે. તેની પાછળનું કારણ એ છે કે બાળકોને નાનપણથી જ આપણી આ સંસ્કૃતિનાં પ્રતિકોનું હાર્દ સમજાય. તેમાં રસ પડે. જેમ કે તોરણ એ સુશોભન અર્થે છે તો સાથે સાથે સ્વાગત માટેનું પણ પ્રતિક છે ને તેમાં સાથિયા જેવું શુભ ચિહ્ન હોય તો સોનામાં સુગંધ ભળ્યાં જેવું દીપી ઊઠે, પણ તે ય સમજાવવું જરૂરી ખરું..... એક વિદ્યાર્થિનીએ સાથિયો કર્યો ખરો પણ તેનાં પાંખિયાની દિશાઓ જ ખોટી - સાથિયો એટલે સ્વસ્તિક, ઉત્તર, દક્ષિણ, પૂર્વ પશ્ચિમ, ચારેય દિશા અને ચારેય ખૂણા ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ને સાથે આકાશ અને ધરતી દસેય દિશામાંથી કશાં જ વિઘ્ન વિના કામ પાર પડે તેવી શુભકામનારૂપે સાથિયો કરવામાં આવે છે. એ લાલ રંગમાં જ શોભે કારણ લાલ એ શુકનિયાળ ગણાતો રંગ છે ને એટલે જ દિવાળીમાં ઘરના ઉંબરા પૂજી કંકુના સાથિયા કરવામાં આવે છે કે જેથી સુખ, શાંતિ અને સમૃદ્ધિની દેવી લક્ષ્મી ઘરમાં પધારે.

આપણે આપણા સંતાનના આરોગ્ય અને શારીરિક વિકાસ માટે, તેના શિક્ષણ માટે ઘણી જાગૃતિ સેવીએ છીએ પણ તે સાથે આપણી મહામૂલી ભારતીય સંસ્કૃતિનાં પણ તેનામાં સિંચન નાની ઉંમરથી જ થાય તે માટે પણ જાગૃતિ સેવવાની સાચે જ જરૂર છે, ને એ માટે જ આવી સ્પર્ધાઓ યોજાય છે. પાંડુરંગ આઠવલેજીનું 'સંસ્કૃતિપૂજન' પુસ્તક આમાં જરૂર માર્ગદર્શક બની રહેશે.

ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

ઓક્ટોબર માસમાં તાલીમનાં બાળકો માટે કઠપૂતળીનો ખેલ યોજાયો. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા શ્રી રાણાએ શ્રી રમેશભાઈ કોઠારી લિખિત 'વિટામીનનો રાજા' કઠપૂતળી દ્વારા રજૂ કરી વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત પૂરા પાડયા.

નાના વિભાગ અને બાલમંદિરના મોટા વિભાગ માટે પણ બીજા કઠપૂતળીના ખેલ યોજાયા. બાળકોએ તે ખૂબ આનંદભેર માણ્યા.

દિવાળીની મઝા માણી પાછાં બાળકો ફરી બીજા સત્રમાં પોતપોતાની પ્રવૃત્તિમાં ગોઠવાઈ ગયાં છે.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**ગરબા સુશોભન સ્પર્ધા : તા. ૨૯-૯-૯૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | ગાયત્રી પટેલ (૭ ક), મેઘનાદ |
| દ્વિતીય | - | રૂચિ સોપારકર (૭ બ), ગંગોત્રી |
| | | સ્તુતિ વસાવડા (૭ બ), ધવલગિરિ. |
| તૃતીય | - | બિનોલી પાછીયા (૭ અ), મેઘનાદ |
| | | અમી પાઠક (૬ બ), ધવલગિરિ |

**આરતી સ્પર્ધા : ૩૦-૯-૯૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | ગાયત્રી પટેલ (૭ ક), મેઘનાદ |
| દ્વિતીય | - | સર્જન શાહ (૬ બ), મેઘનાદ. |
| | | ભૂમિકા શાહ (૭ ક), ધવલગિરિ |
| તૃતીય | - | ભૂમિ વ્યાસ (૭ બ), રત્નદીપ |
| | | અંકિતા પરીખ (૬ અ), ગંગોત્રી. |
| | | રૂચિ સોપારકર (૭ બ), ગંગોત્રી. |

આશ્વાસન ઈનામ - પટેલ માસુમ (૭ ક), ધવલગિરિ

**અભિનંદન કાર્ડ સ્પર્ધા : ૧૩-૧૦-૯૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | દેવકી દવે (૬ ક), મેઘનાદ. |
| | | સિદ્ધાર્થ ભટ્ટ (૭ બ), ગંગોત્રી. |
| દ્વિતીય | - | ચિંતન ગોસલિયા (૭ બ), ગંગોત્રી |
| તૃતીય | - | હરીણી દેસાઈ (૭ ક), રત્નદીપ. |
| | | પલક ત્રિવેદી (૭ બ), ગંગોત્રી. |

**તોરણ સ્પર્ધા : ૧૬-૧૦-૯૨**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | પલક ત્રિવેદી (૭ બ), ગંગોત્રી |
| દ્વિતીય | - | ગાયત્રી પટેલ (૭ ક), મેઘનાદ |
| | | શાલ્વી શાહ (૭ અ), મેઘનાદ |
| તૃતીય | - | અનાર સુતરીયા (૭ ક), મેઘનાદ |
| | | પંક્તિ સોમાણી (૬ બ), રત્નદીપ |
| | | રૂચિ સોપારકર (૭ બ), ગંગોત્રી. |

**નવરાત્રિ ઉત્સવ :** તા. ૧-૧૦-૯૨ના રોજ ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.

**લક્ષ્મી તપોવન શિબિર :** તા. ૧૭ ઑક્ટોબરથી ૨૦ ઑક્ટોબર સુધી ધો. ૫ થી ૭નાં વિદ્યાર્થીભાઈઓ માટે ઉપરોક્ત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં લગભગ ૧૦૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**સંસ્કાર મંજૂષા તથા અમૃતકુંભ પરીક્ષા :** તા. ૧૪-૧૦-૯૨ના રોજ સંસ્કાર મંજૂષા તથા અમૃતકુંભની પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈબહેનોને તા. ૧૪-૧૧-૯૨નાં રોજ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી પાર્થિવભાઈ અધ્યારુ, સંસ્થાના આચાર્ય અને નિયામક શ્રી દિનુભાઈ, શ્રી અનિલભાઈ તથા શ્રી સનાતનભાઈ વ્યાસના હસ્તે ઇનામ તથા ચંદ્રકો આપવામાં આવ્યાં.

**ચિત્ર પરીક્ષા :** એલીમેન્ટરી પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦% અને ઇન્ટરમીડિયેટ પરીક્ષાનું પરિણામ ૯૮% આવ્યું છે. તે બદલ પાસ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન.

**બાલદિન :** તા. ૧૪-૧૧-૯૨ના રોજ વિદ્યાર્થીઓએ શ્રી જવાહરલાલ નહેરુના જીવન પ્રસંગો વિષે વક્તવ્યો રજૂ કર્યાં.

**અભિનંદન :**

ચિત્ર : Vocational Rehabilitation centre for handicapped Ahmedabad, Society for welfare of the mentally retarded, Ahmedabad અને રોટરી ક્લબ ઓફ હાંસોલના ઉપક્રમે તા. ૨ ઓક્ટોબર ૧૯૯૨ના રોજ સંસ્કાર કેન્દ્રમાં યોજાયેલ State Level Poster Competition Cum Exhibition for mentally Handicappedનું સંસ્કારકેન્દ્રમાં ઉદ્‌ઘાટન. બાલકલાકાર ચિ. અર્પી સ્નેહલભાઈ શાહ (૭ બ)ના હસ્તે કરાવી તેનું બહુમાન કરવામાં આવ્યું.

૧૯૯૧ સપ્ટેમ્બરમાં જવાહર બાલભવન ગુજરાત આયોજીત ચિત્ર સ્પર્ધામાં નીચેનાં વિદ્યાર્થીભાઈ-બહેનો ઇનામ મેળવે છે.

| | | |
|---|---|---|
| રાજવી શાહ | (ધો. ૩) | પ્રથમ |
| દેવાંગી શેઠ | (ધો. ૨) | તૃતીય |
| નંદિત રાજા | (ધો. ૮) | પ્રથમ |
| નમ્રતા રાજા | (ધો. ૭) | દ્વિતીય |

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

**'Disaster'** વિષય ઉપર બનાવેલ ચિત્ર માટે ચિ. અર્પી સ્નેહલભાઈ શાહ (૭ બ)ને નોર્વે International Children And Youth Art Exhibition તરફથી Special Prize આપવામાં આવ્યું છે અને એ ચિત્ર International Museum of Children Art, Oslo ખાતે હંમેશ માટે રહેનાર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ચિ. બેન અર્પીને ધન્યવાદ.

શંકર્સ ઇન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં ધો. ૩ કનાં કુંતલ અનીલભાઈ પરીખને ઇનામ મેળવવા બદલ અભિનંદન.

શ્રીમતી માણેકબા વિનયવિહાર, અડાલજ અને વનવિભાગ, ગુજરાત સરકારનાં સંયુક્ત ઉપક્રમે વન્યપ્રાણી સમાહની ઉજવણી નિમિત્તે વન્યપ્રાણી અને પર્યાવરણ ચિત્રસ્પર્ધામાં ધો. ૩ બનાં ચિ. સૌરભ મનાણીને દ્વિતીય પારિતોષિક મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ :** તા. ૨,૩ ઑક્ટોબર ૧૯૯૨નાં રોજ પતિયાળા ખાતે યોજાયેલ All India Skating Competitionમાં બે કાંસ્ય ચંદ્રકો મેળવવા બદલ ચિ. અન્વી નિરવભાઈ શાહ (૬ ક)ને અભિનંદન.

## વિનયમંદિર

તા. ૯-૧૦-૯૨ના રોજ રોટરી ક્લબ ઓફ અમદાવાદ સાઉથ તરફથી યોજાયેલ Inter School Quiz Competitionમાં ચિંતન મહેતા તથા હિતેશ મહેતાએ પ્રથમ આવી શિલ્ડ મેળવ્યું છે, તે બદલ તેમને અભિનંદન.

તા. ૨-૧૦-૯૨થી તા. ૫-૧૦-૯૨ સુધી ધો. ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્રનો પ્રવાસ યોજવામાં આવ્યો. ધો. ૯ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે દિવાળીની રજાઓ દરમ્યાન નેપાળના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

ગાંધી વિચારધારાથી રંગાયેલ ડો. વ્યાસે 'આજના સમયમાં ગાંધીજીના વિચારોનું મહત્ત્વ' પર પ્રવચન આપ્યું.

બાલદિન નિમિત્તે તા. ૧૪મી નવેમ્બરે શ્રી જવાહરલાલ નેહરુના જીવનપ્રસંગો વિષે વક્તવ્યો અને ગીતો રજૂ કરવામાં આવ્યાં.

તા. ૨૧-૧૧-૯૨ના રોજ આંતરગૃહ સુલેખન અને નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૩-૧૦-૯૨ના રોજ અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી નરેન્દ્રભાઈ પંડયાનું ટૂંકી વાર્તા દ્વારા અંગ્રેજીનું મહત્ત્વ સમજાવતું વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું.

### શ્રદ્ધાંજલિ

લગભગ ૫૦ વર્ષ સુધી શારદામંદિર બાલમંદિરમાં અવિરત સેવા આપનાર શ્રી કાંતાબેન ત્રિપાઠીનું અવસાન ૭-૧૦-૯૨ના રોજ થયું તેની નોંધ લેતાં દુ:ખની લાગણી અનુભવું છું. તેઓ ઉત્સાહી, આનંદી, મિલનસાર તથા બાળકો પ્રત્યે ખૂબ જ પ્રેમાળ હતા. આવા સંનિષ્ઠ કાર્યકર સ્વ. શ્રી કાંતાબેનના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ધો. ૯ બમાં અભ્યાસ કરતા ભાઈ શ્રી અર્પિત દેસાઈનાં ૧૬-૧૦-૯૨ના રોજ થયેલ અકાળ અવસાનની નોંધ લેતાં અત્યંત દુ:ખની લાગણી અનુભવું છું. પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.


તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.

ટાઈપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬

મુદ્રણ સ્થળ : મારૂતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯